R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા .
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 21 DATE: 25-05-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭



## ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભારે બહુમતીથી વિજય

દેશની ૧૭મી લોકસભાની ચુંટણીના પરિણામો જાહેર થયાં જેમાં ભાજપ અને તેના સાથી પક્ષોનો ઐતિહાસિક વિજય થયો હતો.મોદીએ એકલા હાથે ભાજપને ૩૦૨ સીટો અપાવી હતી. ૫૪૨ કુલ સીટોમાંથી એનડીએને ૩૪૯ સીટો મળી હતી.૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ભાજપને ક્લીન સ્વીપ મળી હતી.કોગ્રેસ અને વિપક્ષી દળો પર મોદીનું બુલડોઝર ફરી વળ્યું હતું.કોગ્રેસ ૫૧ અને સાથી પક્ષોની મળીને કુલ૮૦ સીટ પર વિજય થયો હતો.આ વખતની ચુંટણીમાં દેશ માટે કોઈ મહત્વના મુદ્દા નહોતા.મોદી વિરુધ્ધ વિપક્ષ જેમાં મોદીએ વિપક્ષોને ચારેખાને ચિત કરી નાંખ્યા.

મોદીની જીત પાછળ અમિત શાહનો સિંહફાળો છે જેને નકારી શકાય નહીં.દેશના ૧૭ રાજ્યોમાં કોગ્રેસના વળતા પાણી થયા છે.ગુજરાત, રાજસ્થાન, ઉત્તરાખંડ,હિમાચલ પ્રદેશ,દિલ્હી,જમ્મુ કાશ્મીર,આંધ્રપ્રદેશ,મણિપુર, મિઝોરામ, ઓડીશા,અને હરિયાણા, ગોવા, ત્રિપુરામાં કોગ્રેસ ખાતુ જ ખોલાવી શકી નથી.જ્યારે અન્ય રાજ્યોમાં એક કે બે સીટો જીતીને સંતોષ માનવો પડ્યો છે.યુપીમાં ફક્ત રાયબરેલીમાં સોનિયા ગાંધી જીત્યા છે.કોગ્રેસના મહારથીઓ ચુંટણી જંગમાં ફેકાઈ ગયા છે. યુપીમાં પ્રિયંકા ગાંધીને પ્રભારી બનાવીને ચુંટણી પ્રચાર સોપ્યો હતો પરંતુ તે ફ્લોપ રહ્યા છે.

## લોકસભાની ચુંટણીમાં કુલ ૭૨૪ મહિલાઓ પૈકી ૭૮ મહિલાઓ ચુંટાઇને સંસદમાં પહોચી

૨૦૧૯ની લોકસભાની ચુંટણીઓમાં કુલ ૭૨૪ મહિલાઓ પોતાનુ ભાગ્ય અજમાવવા ઉભી હતી. જે પૈકી ૭૮ મહિલાઓ લોકસભાની ચુંટણીમાં જીતી ગઈ છે અને સંસદમાં તેઓ મહિલાઓનું સ્થાન શોભાવશે.જ્યારે લોકસભામાં ચુંટાયેલા ૫૪૨ સભ્યો શપથ ગ્રહણ કરશે ત્યારે તેમાં ઉત્તરપ્રદેશ અને પશ્ચિમબંગાળથી ૧૧-૧૧ મહિલાઓ સહિત કુલ ૭૮ મહિલાઓ સંસદમાં શપથ ગ્રહણ કરશે.

લોકસભાની ચુંટણીમાં મહિલા ઉમેદવારોમાં કોગ્રેસ તરફથી ૫૪ મહિલાઓ સામેલ હતી. જ્યારે ભાજપ તરફથી ૫૩ મહિલાઓ સામેલ હતી. ૧૪ ટકા મહિલા સાંસદો સાથે,૧૯૫૨થી આ વખતે ૧૭મી લોકસભામાં સૌથી વધુ મહિલા સાંસદો તરીકે ચુંટાઈ છે.અગાઉ ૧૬મી લોકસભામાં કુલ ૬૪ મહિલા સાંસદો હતી.જ્યારે ૧૫મી લોકસભામાં ૫૨ મહિલા સાંસદો હતી.સંસદમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનું બિલ પેન્ડીંગ છે. ૪૧ સીટીંગ મહિલા સાંસદોમાંથી ૨૭ મહિલા સાંસદોમાં સોનિયા ગાંધી, હેમા માલિની અને કિરણ ખેરનો સમાવેશ થાય છે.જ્યારે હવે તેઓની સાથે આ વખતની ચુંટણીમાં વિજય મેળવનારા સ્મૃતિ ઈરાની અને પ્રજ્ઞા ઠાકુર પણ ઉમેરાશે.

સ્મૃતિ ઈરાની આ વખતે અમેઠીમાંથી રાહુલ ગાંધીને હરાવીને ચુંટણી જીત્યા છે.ભાજપના પ્રજ્ઞાસિંહે કોગ્રેસના નેતા દિગ્વિજય સિંહને પરાજય આપ્યો છે.વધુ મહિલાઓ ચુંટાવાથી દેશની મહિલા ગૃહિણીઓની મુશ્કેલીઓ માટે તેઓ કંઈક કરશે તેવી આશા રખાય.

## લોકસભા-૨૦૧૯ની ચુંટણીમાં સૌથી વધુ મુસ્લીમ સાંસદો ચુંટાયા

દેશમાં તાજેતરમાં થયેલી લોકસભા-૨૦૧૯ની ચુંટણીમાં મુસ્લીમ સાંસદોની સંખ્યા વધી છે. ૧૭મી લોકસભામાં સહુથી વધુ મુસ્લીમ સાંસદો ૨૭ની સંખ્યામાં દેશભરમાંથી ચુંટાયા છે. જેનો અર્થ એવો નિકળે કે લોકોએ મુસ્લીમ વર્ગના લોકોને પોતાના હિમાયતી તરીકે ચુંટ્યા છે.

કેટલાક મુસ્લીમ નેતાઓ પૈકી હૈદાબાદના ઔવેસી મુખ્ય છે જેમણે ત્યાની પ્રજાએ ફરીથી એક વાર તેમના પ્રતિનિધિ બનવાની તક આપી છે. જ્યારે યુપીણો ભાજપના સપાટા વચ્ચે સપાના કદાવર મુસ્લીમ નેતા આઝમ ખાન જયાપ્રદાની સામે ચુંટણી જીતી ગયા છે.

ધર્મ,જાતિવાદ અને ખાસ વર્ગ તરફના ખેચાવથી ચુંટણીમાં કેટલાક નેતાઓ ચુંટણી જીતી ગયા છે.અત્યાર સુધી એમ મનાતું હતું કે માત્ર હિદુત્વની લહેર કામ કરે છે પરંતુ આ વખતની ચુંટણીમાં મુસ્લીમ લહેરનો પરિચય થયો છે.દેશ વધુ પડતા ઝનુની લહેરનો ભોગ ના બને તે જોવાનું રહે છે. લોકશાહીનો જવલંત વિજય થાય તે જરુરી છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

લોકસભાની ચુંટણીમાં ભાજપ જીત્યું. નરેન્દ્ર મોદીને પ્રચંડ જનાદેશ મળ્યો.લોકસભામાં બહુમતીથી એનડીએ ૩૪૯ સીટો અંકે કરી.છેલ્લા એક મહિના જેટલા સમયથી દેશભરમાં ચુંટણી માહોલમાં કોણ જીતશે અને કોણ હારશે સામે અટકળો હતી તે પુરી થઇ ગઇ.ફરીથી એકવાર કોગ્રેસને સફળતા મળી નહિ. જો કે ચુંટણી માહોલ દરમિયાન એવું લાગતું હતું કે કદાચ તેઓ સારી એવી સીટો મેળવીને એનડીએને સફળ થવા દેશે નહીં પરંતુ તેનાથી ઉલ્ટુ બન્યું કોગ્રેસને જનાધાર મળ્યો નહી.ખેર મોટા નેતાઓ ચુંટણી હારી ગયા. અને એવા અનેક નેતાઓ જે જનાદેશને લાયક નથી તેમને જનાદેશ મળ્યો. આ લોકશાહીની બલિહારી છે. સંસદમાં એવા સાંસદોની જરુરીયાત છે જે લોકશાહીને ઉજાળે અને ચાર ચાંદ લગાવે. દેશની જનતાના વિશ્વાસને ખરો ઉતારે.ખેર,હવે બીજા પાંચ વર્ષ વિરોધપક્ષોએ મહેનત કરવાની કે કદાચ તેમને કંઇ કરતાં કંઇક ચાન્સ મળે.દેશના મહત્વના મુદ્દાઓ રોજગારી,મોઘવારી વિગેરે પર મતદારોએ ધ્યાન આપ્યું નહીં. માત્ર મોદી અને મોદી વિરોધી પ્રશ્ન જ મહત્વનો રહ્યો અને પરિણામ મોદી તરફી આવ્યું.વિશ્લેષણકારોને મુઝવતો સવાલ જ આ છે કે આમ કેમ બન્યું. પરંતુ બન્યું તે હકીકત છે.

સુરતમાં તંત્રના પાપે ૨૧ જેટલા નિર્દોષ છાત્રોનો ભોગ લેવાઇ ગયો. હવે તંત્ર અનેફાયર બ્રિગેડ ની જવાબદારી સામે લોકો લાચાર હતા.જેમના લાડકવાયા નંદવાયા તેમના માટે ભારે દુઃખદાયક પરિસ્થિતિ હતી.કોની બેદરકારી હતી તે નક્કી કરવી તો જોઇએ જ પરંતુ તે નક્કી કરીને પછી જેમને નુકશાન થયું તે ભરપાઇ તો નહી થાય. હવે તંત્રની જવાબદારી ફિક્સ કરવી,જેમની બેદરકારી હોય તેને ફિક્સ કરી તેમને કડક નશ્યત કરવામાં આવે તેમ કરવું જરુરી છે.કાયદાની ઘોર ઉપેક્ષા, ભ્રષ્ટાચાર સામે નાગરિકો લાચાર બની જાય છે આમ લાચાર માનવીને તંત્ર લાચાર ના થવા દે તે જોવુ જરુરી છે. જેમને દુઃખ પહોચ્યું છે તેમને ઇશ્વર સહન કરવાની શક્તિ આપે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# હલકી કક્ષાના દારુગોળાની ગુણવત્તાના મામલે ઓર્ડીનન્સ ફેકટરીઓ સામે સેનાનો બળાપો

હલકી કક્ષાના દારુગોળા અને યુધ્ધ ઉપકરણોથી વધી રહેલી દુર્ઘટનાઓ અંગે ભારતીય સેનાએ ચિંતા વ્યક્ત કરી છે. સેનાએ જણાવ્યુ હતુંકે ઉતરતી ગુણવત્તાના દારુગોળાના કારણે વધતી જતી દુર્ઘટનામાં સૈનિકો જાન ગુમાવી રહ્યા છે.સૈનિકો ઘાયલ થઇ રહ્યા છે. આ ઉપરાંત સંરક્ષણ ઉપકરણોને પણ નુકશાન પહોચી રહ્યું છે. સેનાની ટેન્ક,તોપ, એક ડિફેન્સ ગન અને અન્ય યુધ્ધ ઉપકરણો માટે દારુગોળાની સપ્લાઇનુ કામ સરકારી માલીકીની ઓર્ડેનન્સ ફેકટરી બોર્ડ કરે છે મીડીયા અહેવાલ પ્રમાણે સેનાએ આ મામલે સંરક્ષણ મંત્રાલય સાથે વાતચીત કરી છે.

સુત્રોના જણાવ્યા મુજબ ઓર્ડિનન્સ ફેકટરી બોર્ડ દ્વારા સપ્લાઇ કરતા દારુગોળાના કારણે દુર્ઘટનાઓ વધી રહી છે. જેનાથી સેનામાં પોતાના સંરક્ષણ ઉપકરણો પરનો વિશ્વાસ ઓછો થઇ રહ્યો છે. સેનાએ ઓર્ડિનન્સ ફેકટરી દ્વારા દારુગોળાની ગુણવત્તામાં યોગ્ય રીતે લક્ષ નહીં આપવાના મામલે સંરક્ષણ ઉત્પાદન સચિવ અજય કુમાર સમક્ષ ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.૧૯ હજાર કરોડ રુપીયાનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા ઓર્ડિનન્સ ફેકટરી બોર્ડ પાસે દારુગોળા બનાવવાની કુલ ૪૧ ફેકટરીઓ છે. જે ૧૨ લાખ સૈનિકો ધરાવતી ભારતીય સેનાને દારુગોળો પુરો પાડે છે.

સુત્રોએ જણાવ્યુ હતું કે ઓર્ડિનન્સ ફેકટરી બોર્ડના દારુગોળાની ગુણવત્તા ઘટવાના કારણે દેશની યુધ્ધ ક્ષમતાઓ પર ગંભીર અસર પડે છે.સેનાની આ ફરિયાદ અંગે સંરક્ષણ ઉત્પાદન સચિવ કુમારે સેનાને પોતાની વિવિધ સમસ્યાઓ રજુ કરવા માટે પણ કહ્યુ હતું.

૧૫ પાનાના પત્રમાં સેનાએ અત્યંત ગંભીર સમસ્યાઓ રજુ કરી છે. જેમાં જણાવાયું છે કે ૧૦૫ એમએમ લાઇટ ફિલ્ડ ગન,૧૭૦ એમએમ એમએમ ૧ મીડીયમ ગન, ૪૦એમએમ એલ-૭૦ એર ડિફેન્સ ગન અને ટી૭૨, ટી-૯૦ અને અર્જુન ટેન્ક સાથે નિયમિત દુર્ઘટનાઓ થતી રહે છે.

# ભારત અને ચીન વચ્ચે આર્થિક અંતર વધ્યું છે : ગ્લોબલ ટાઇમ્સ ચીની મીડીયા

ચીનના સરકારી સમાચાર પત્ર દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળ દરમિયાન ભારત ચીનથી આર્થિક સહિત અનેક રીતે પાછળ રહી ગયું છે. ભારતમાં લોકસભાની ચુંટણી થઇ રહી છે ત્યારે ચીની મીડીયા તરફથી આ રિપોર્ટ આવવો આશ્ચર્યકારક બાબત છે.

ચીનના સરકારી સમાચાર પત્ર ગ્લોબલ ટાઇમ્સમાં છપાયેલા એક અહેવાલમાં લખવામાં આવી રહ્યું છે , ભારત અને ચીન વચ્ચે આર્થિક રીતે અંતર વધી રહ્યું છે.આવી વાત પશ્ચિમી ચીની મીડીયામાં થઇ રહી છે. વર્ષ ૨૦૧૮માં ચીનના અર્થતંત્રનું કદ ૧૩.૬ લાખ કરોડ હતું. જ્યારે ભારતીય અર્થતંત્રનું કદ ૨.૮ લાખ કરોડ હતું. ભારત જો આ અંતર ઘટાડવા માટે માંગે છે તો ભારતનો આર્થિક વૃધ્ધિ દર ચીન કરતાં વધારે હોવો જોઇએ.ચીનના વધતા જતાં વૃધ્ધિ દરને પહોચવુંભારત માટે મુશ્કેલ છે. ૨૦૧૪માં ચીનના અર્થતંત્રનું કદ ૧૦.૩૮ લાખ કરોડ રુપીયા હતું જ્યારે ભારતનું કદ ૨.૦૪ લાખ કરોડ રુપીયા હતું. બંને દેશો વચ્ચેના અર્થતંત્રના કદમાં ૮.૩૪ લાખ કરોડ રુપીયાનો તફાવત હતો જે ૨૦૧૮માં વધીને ૧૦.૮ લાખ કરોડ થઇ જવા પામ્યો છે.

# સુરતમાં કોચિંગ કલાસમાં આગ લાગતાં ૨૧ છાત્રોના મોત નિપજ્યા

સુરતમાં ફાયર સેફટીની વ્યવસ્થા વિના ચાલતા તક્ષશિલા નામના બિલ્ડીંગ સંધ્યાકાળે લાગેલી આગમાં ખાનગી ટ્યુશન કલાસમાં અભ્યાસ કરી રહેલા ૨૧ જેટલા છાત્રો કરુણ મોતને ભેટયા હતા.સુરતના વરાછા પાસેના સરથાણા વિસ્તારમાં આવેલા તક્ષશીલા આર્કેડ બિલ્ડીંગના ચોથા માળે લાગેલી આગ જેને શોર્ટ સર્કિટની આગ કહેવાઇ તેમાં ૨૧ વિદ્યાર્થીઓના મોત નિપજ્યા છે. ઘટના બન્યા પછી સરકારી તંત્ર કામે લાગ્યું છે. આવી હોનારતો થાય ત્યારે લોકો અને તંત્ર જાગે છે અને ત્યાર બાદ લોકો અફસોસ કરે છે. સહુ પ્રથમ જવાબદાર લોકો સામે કડક હાથે કામ લેવાનું રહેશે. કોઇપણ જવાબદારને છટકી જવાનો મોકો ના મળે તે માટે તંત્રે સજાગ રહેવું પડશે.

હોનારતો થવા પાછળ લોકોની બેજવાબદારી અને ભ્રષ્ટાચાર મુખ્ય કારણો છે. કેટલીક બિલ્ડીંગોમાં આડેધડ બાંધકામ કર્યા બાદ તંત્ર તેમને બીયુ આપી દેતું હોય છે. ફાયર સેફટીના ધોરણો જળવાતા નથી.પરિણામે ઉગતા વિદ્યાથીઓ અને માતાપિતાના વહાલસોયા સંતાનો નો બલિ ચઢી ગયો છે. એ નુકશાન તો કોણ ભરપાઇ કરી આપશે ?

સમય આવી ગયો છે કે સમગ્ર તંત્ર સજાગ બને અને વ્યવસ્થિત બધુ થાય તો હોનારતો અટકી શકે.માત્ર હોતીહે ચલતીહે થી દેશના નાગરિકોનું ભલુ થવાનું નથી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# આપણી શાળાઓમાં પણ આવી તાલીમ અપાય તો ?

અમેરિકાની બસોમાં અને ટ્રેનોમાં પીક અવર્સ દરમીયાન ખાસી ભીડ હોય છે.પ્રવાસીઓ ઉભા ઉભા મુસાફરી કરતા હોય એવા દશ્યો વારંવાર જોવા મળે છે.ઓફિસો શરૂ થવાનો કે છુટવાનો સમય હોય ત્યારે હું અને મારા પત્ની ટ્રેનમાં કે બસમાં પ્રવેશીએ ત્યારે અચુક એક આનંદપ્રદ અનુભવમાંથી પસાર થવાનું બને.અમને જોઇને પાંચ સાત યુવક-યુવતીઓ પોતાની સીટ પરથી ફટાફટ ઉભા થઇ જાય અને પોતાની જગા પર સ્થાન લેવા અમને ઇશારો કરે. આવો અનુભવ અન્ય ઘણા દેશોમાં અમને થયો છે. ટ્રેન કે બસમાં મુસાફરી કરતી યુવાપેઢી તોફાન કરે,ગાળો બોલે,ગંદા જોક્સ સંભળાવે અને સહપ્રવાસીઓને રંજાડે એવું દશ્ય કદી જોવા મળતું નથી. દર દસે ત્રણ પ્રવાસીઓના હાથમાં વાંચન સામગ્રી હોય છે.અને તેઓ ધ્યાનથી એમાં ડુબેલા જોવા મળે.સ્ટેશન આવે ત્યારે ઉતરનારા પ્રવાસીઓ ઉતરી ગયા બાદ જ બહારના મુસાફરો ક્યુમાં એક પછી એક બસમાં કે ટ્રેનમાં દાખલ થાય. અમેરિકાની બસોમાં કંડકટર હોતા નથી. ડ્રાઇવરની જમણી બાજુએ બોકસ હોય તેમાં નિર્ધારિત ભાડુ ચુકવીને બસમાં બેસી જવાનું.કદી કોઇ ડ્રાઇવરે હાથમાં પૈસા લઇને ખીસામાં મુક્યા હોય એવું બન્યું નથી.અરે ડ્રાઇવર કે મુસાફર એવી ગોઠવણી કરવાની કલ્પના કરવાથી પણ ધ્રુજે. જાહેર માર્ગો પર કે શેરીઓના નાકે ટપોરીઓ જતી આવતી છોકરીઓની કે યુવતીઓની છેડતી કરતા હોય એવું દશ્ય પણ અંહી દુર્લભ. બેંકોમાં, સરકારી કચેરીઓમાં, રેસ્ટોરાંમાં અને શોપીંગ મોલમાં આપણને સ્મિત સાથેની સેવા મળે અને જતી વખતે થેન્ક યું સાંભળવા મળે. આ બધી જ સેવાઓ વિના વિલંબે પ્રાપ્ત થાય છે. રોન્ગ સાઇડ પર વાહન ચલાવતાં પરાક્રમી છોકરા-છોકરીઓ કે સ્ત્રી પુરુષો અંહી કદી જોવા ન મળે.ખોટી જગ્યાએ વાહન પાર્ક કરે એ મર્યો સમજો.અહીં કાર કોણે પાર્ક કરી છે,એવી બુમો પાડતો પાડતો પોલિસ ઓફિસર તમને શોધવા ન નીકળે.સો ડોલર્સની પેનલ્ટીની ટિકીટ તમારી કારના લલાટે ચોંટાડીને એ ચાલ્યો જાય.તમારે કોઇ દલીલ વગર, રકઝક વગર કે ભ્રષ્ટ પ્રધાનની ધમકી આપ્યા વગર વાંકા વળીને દંડ ભરી દેવાનો.ફરજ પરના પોલિસ અધિકારી પર હુમલો કરવાની સજા ખુબ ભયાનક છે.પ્રજાના પૈસે થોડે થોડે દાડે, અમેરિકા,કેનેડા કે ઓસ્ટ્રેલીયા દોડી જતા પ્રધાનો અને સાંસદો ને આ બધી ખબર હશે જ ને ?

બાળકોને અને યુવા પેઢીને સંસ્કાર આપવાનું તથા શિષ્ટાચાર અને સદાચાર શીખવવાનું કામ પરિવારોનું અને શૈક્ષણિક સંસ્થાઓનું છે.અમેરિકામાં આ ફરજ બજાવવામાં કેટલાક પરિવારો ઉણા ઉતરે છે. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓ પુરી નિષ્ઠાથી સજાગપણે આ ફરજ બજાવે છે.મારી પૌત્રી ન્યુજર્સી સ્ટેટની પબ્લીક સ્કુલમાં ચોથા ધોરણમાં ભણે છે. શાળાનું નામ જ એમ.કે.ગાંધી એલિમેન્ટરી સ્કુલ છે. વિદ્યાર્થીઓને જે ઓળખપત્રો અપાયા છે તેના પર સ્કુલનું નામ મહાત્મા ગાંધી સ્કુલ એ રીતે દર્શાવાયું છે. શાળાને નામ આપવામાં દુંરદેશી દાખવીને સ્કુલ બોર્ડે સંસ્કાર અને મુલ્યોનું સિંચન કરવાનો પ્રયત્ન કર્યો છે. શાળાની વાલી સભામાં હાજરી આપવાની મને તક મળી. મે શિક્ષકોને પુછ્યું, આપની શાળાનું વિઝન અને મિશન શું છે ? એમણે એક જ વાક્યમાં ઉત્તર આપ્યો, રાષ્ટ્ર અને વિશ્વ માટ શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવા, અહીં બાળકોને જીવનલક્ષી કૌશલ્યો શીખવા પર ભાર મુકાય છે.વ્યક્તિનું સ્વાતંત્ર્ય હણાય નહીં તેની કાળજી રાખવામાં આવે છે.એડમિશન પેટે,ફી પેટે ડોનેશન પેટે બાળકો કે વાલીએ એક પણ પૈસો આપવાનો નથી.યુનીફોર્મ વાજબી ભાવથી શાળામાંથી અપાય છે.નાસ્તો,જ્યુસ,સોફટ ડ્રીંક્સ બધું શાળા તરફથી અપાય છે. જે માટે કોઇ ફી ભરવાની હોતી નથી.શિક્ષકો ટ્યુશન કરતા નથી.અને વિદ્યાર્થીઓને ટ્યુશન આવવા દબાણ નથી કરતા.વિદ્યાર્થીઓને વિષયોનું શિક્ષણ આપતી વખતે વ્યવહાર,જીવનલક્ષી તાલીમ પણ આપવામાં આવે છે.

દેશને માટે શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવાનો અર્થ છે,બાળકો કાયદાને માન આપે, સૌની સાથે માનવતાપુર્ણ વ્યવહાર કરે તથા પરિવાર જીવનને સર્વોચ્ચ મહત્વ આપે.અહીં વીક એન્ડનો મહીમા અપરંપાર છે.શનિ-રવિ બાળકોને પેરેન્ટ્સ સાથે રહેવાની અને જીંદગીનો આનંદ માણવાની તક મળે છે.અહીં વૈયક્તિકતાનું ગૌરવ સચવાય છે.વ્યક્તિ પર સમાજ હાવી થઇ જાય એવું મહદ અંશે બનતું નથી.અમેરિકામાં બાળકોને નીતિ અને મુલ્યોની તાલીમ શાળા,કોલેજો અને યુની. મળે છે.પરિવારોએ એ વિશેષાધિકાર ગુમાવી દીધો હોવાનું દીસે છે.અંહી સવત્ર બધું જ સારું છે. એવું કહેવાનો ઇરાદો નથી. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓની ભુમિકા આખી દુનિયાને અને વિશેષ કરીને ભારતને પ્રેરણા બક્ષે તેવી છે.ભારતમાં વિદ્યાર્થી અવસ્થામાં બાળકો અને યુવા પેઢી જે પામે છે , જે મેળવે છે તેનું મુલ્યાંકન કરવામાં આવે તો અહીં નિર્દેશેલી બધી વાતોના પુરાવા સાંપડવાની સંભાવના છે. બોર્ડમાં અને યુની. પરિણામો જાહેર કરતી વખતે જે ગેરરીતીઓ આપણા ધ્યાન પર આવે છે તે શું સુચવે છે ? આપણે આત્મવંચનામાંથી બહાર નીકળીએ તો એ આપણા હિતમાં હશે.

-વિશ્વામિત્ર(સૌ.સંદેશ)


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# દિલ્હી કોર્ટમાંથી સીબીઆઇએ બોફોર્સ કટકીકાંડનો કેસ પાછો ખેંચી લીધો



સીબીઆઇ દ્વારા બોફોર્સ કટકીકાંડ અંગેનો કેસ પાછો ખેંચી લેવા કોર્ટ પાસે રજા માંગી હતી.રુ.૧૪૩૭ કરોડની બોફોર્સ તોપ ખરીદી ભારત અને સ્વીડીસ આર્મ મેન્યુ. એ.બી.બોફોર્સ વચ્ચે થઇ હતી. જેમાં૪૦૦ ૧૫૫ એમએમ હોવીત્ઝર ગન્સ માટેનો આ વેચાણ કરાર હતો. જે ભારત સેના માટે ખરીદી માટે તા.૨૪ માર્ચ,૧૯૮૬માં ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યો હતો.

સીબીઆઇએ દિલ્હી કોર્ટમાં કેસ પાછો ખેંચવા માટેની અરજી આપીને કેસ પાછો ખેંચી લીધો હતો.જેમાં ૬૪ કરોડની દલાલી ચુકવાઇ હોવાની શંકાને કારણે આ મામલો ચગ્યો હતો.સીબીઆઇ તરફથી ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ નવીન કુમાર કશ્યપને જણાવ્યુ હતુ કે તેઓ એ બોફોર્સ કેસ અંગેની દાખલ કરેલી તા.૧-૨-૧૮ની અરજી પરત લેવા માંગે છે.આ અરજી દાખલ કરતી વેળાએ સીબીઆઇ તરફથી કહેવામાં આવ્યુ હતુ કે નવા મળેલા પુરાવાને કારણે અમારે ફરીથી આ કેસને દાખલ કરવો પડે છે.પરતું અમે હવે આ અરજીને પાછી ખેંચી લેવા માંગીએ છીએ.સીબીઆઇએ પોતાની અરજી પાછી ખેંચી લેવાની અરજી સામે જ્જે જણાવ્યુ હતુ કે સીબીઆઇ પોતે આ અંગે બધું જાણે છે અને તેઓ જ અરજદાર હોવાથી તેમને કેસ પાછો ખેંચી લેવાનો અધિકાર છે.કોર્ટે ડિસેમ્બર ૪,૨૦૧૮ના દિવસે આ અરજી બાબતે સવાલ કરતાં સીબીઆઇ તરફથી જણાવાયું હતુંકે સીબીઆઇએ સુપ્રીમ કોર્ટમાં ૨-૨-૧૮ના રોજ આ બાબતે અપીલ ફાઇલ કરેલી છે. જે મે ૩૧,૨૦૦૫ મા દિલ્હી હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલા વર્ડીક કે જેમાં તમામ આરોપીઓને છોડી મુકવામાં આવ્યા હતા.કોર્ટે ૨-૧૧-૧૮ના રોજ સીબીઆઇની અપીલ ડીસમીસ કરતાં કહ્યુ હતું કે ૧૩ વર્ષના ડીલે બાદ હાઇકોર્ટના ઓર્ડર સામે અપીલ ફાઇલ કરવાનો શું મતલબ છે.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે કોર્ટ તમારી સાથે સંમત થતી નથી કારણકે ૪૫૦૦ દિવસ સુધી તમે અરજી ફાઇલ કરવા માટે રાહ જોઇને સમય વેડફયો છે.

આ કેસની પ્રથમ ચાર્જશીટ ૨૨ ઓક્ટો.૧૯૯૯ ચડ્ડા,ઓટ્ટાવીયો ક્વોટચી,ભુતપુર્વ ડિફેન્સ સેક્ટરી એસ.કે. ભટનાગર,અરડો અને બોર્ફોસ કંપની સામે કરવામાં આવી હતી.ત્યારબાદ સપ્લીમેન્ટરી ચાર્જશીટ હિન્દુજા બ્રધર્સ-,એસ.પી હિન્દુજા,જી.પી.હિન્દુજા અને પીપી.હિન્દુજા સામે ઓક્ટો.૯,૨૦૦૦માં કરવામાં આવી હતી.સ્પેશીયલ સીબીઆઇ કોર્ટ,દિલ્હી માર્ચ૪,૨૦૧૧માં ક્વોટ્ચીને કેસમાં મુક્ત કર્યો હતા.એમ કહેવામાં આવ્યુ હતું કે દેશ આની પાછળ દેશના પૈસા બરબાદ કરવા યોગ્ય નથી. કારણકે કેસની તપાસ અને અન્ય કાર્યવાહી પાછળ રુ.૨૫૦ કરોડનું આંધણ કરવામાં આવ્યુ હતું. જ્યારે કેસનો મુદ્દો ૬૪ કરોડની દલાલીનો હતો.

ક્વોટચી ભારતમાંથી ૨૯-૩૦ જુલાઇ ૧૯૯૩માં ભાગી છુટ્યા હતો. અને ક્યારેય કોર્ટમાં હાજર રહ્યા નહોતા.તેઓ જુલાઇ ૧૩,૨૦૧૩માં મૃત્યુ પામ્યા હતા.આ ઉપરાંત કેસમાં સંડોવાયેલા ભટનાગર,અર્ડબો અને ચડ્ડા પણ મૃત્યુ પામ્યા હતા.તેથી કેસની હવે કોની તપાસ કરીને શુ કરવાનું તે નક્કી થઇ શકે તેમ નહોતું.

બોફોર્સના ભુતે ચુંટણીઓ વખતે ભાજપે હથિયાર બનાવીને કોગ્રેસને હેરાન કરવા માટેનો મુદ્દો બનાવ્યો હતો.હવે જ્યારે સીબીઆઇએ આ કેસ પાછો ખેંચી લીધો છે તેથી આ મેટર ઓવર થાય છે.

## જાણવા જેવું !

પહેલી ત્રિકોણ ટપાલટીકીટ ૧૮૫૩માં કેપ ઓફ ગુડહોપમાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ફ્રાન ફિલીપ્સ ઉત્તર ધ્રુવ પર પહોચનારી પ્રથમ મહીલા હતી.તેમણે આ સિધ્ધિ ૫ એપ્રિલ,૧૯૭૧ના રોજ મેળવી હતી.

કોલબંસ પહેલાં ફર્ડિનાન્ડ મેગલન અમેરીકા ખંડ શોધવા માટે નિકળ્યો હતો.

ભારતની પ્રથમ બોલતી ફિલ્મ આલમઆરા હતી

ભીના પ્લાસ્ટર પર તૈયાર કરવામાં આવેલા ચિત્રોને ફ્રેસ્કો કહે છે.


ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# હસમુખો સ્વભાવ દીર્ઘ જીવનનું એક સર્વોત્તમ સાધન છે

'દુઃખમાં જો સુખની અનુભુતિ ઈચ્છો છો તો હસમુખા બનો 'એવી સંતવાણી છે. હાસ્ય માણસના દુઃખને ઓગાળી નાંખે છે. માનસિક કે શારીરીક દુઃખ માણસને ખતમ કરી શકે છે.એમાંથી ઉગરવાનો એક જ ઉપાય છે.તાણમુક્ત બનીને, હસતા રહો.બેકને કહ્યું છે : 'હસમુખો સ્વભાવ દીર્ઘ જીવનનું એક સર્વોત્તમ સાધન છે' જેનો સ્વભાવ હસમુખો છે, એ માણસ પોતાના વિરોધની નકારાત્મક વાતને પણ હકારાત્મક બનાવી દેતો હોય છે.હસમુખો માણસ ક્યારેય કોઈની વાતનું બુરુ માનતો નથી.તે તો બુરી વાતને પણ હસવામાં લઈ લે છે.આપણે જાણીએ છીએ કે, ખોટી તાણ અનુભવવાથી આપણા શરીરને જ હાનિ થતી હોય છે.હસવાથી મન-મસ્તિકની તાણ ઓછી થાય છે.જે નિર્દભ અને નિર્દોષ રીતે હસી શકે છે,એના જીવનાં કોઈપણ પ્રકારની તાણ આવતી નથી.કોઈપણ વાતને હસી કાઢવી એ મોટી ઘટના છે.નિર્દોષ હાસ્યથી શું થાય ? થેકરે કહ્યું છે : સારુ નિર્દોષ હાસ્ય ઘરમાં સુર્યની જેમ અજવાળું પાથરે છે.આમાં હાસ્યની જે ક્ષમતા છે એનો નિર્દેશ કર્યો છે.હસતા રહો, જીવતા રહો,એ હાસ્ય કેવું ? માત્ર હોઠોનું કે હૃદયનું ? જે માત્ર હસવા ખાતર હસે છે એવા હાસ્યની જરુર નથી.આપણું હાસ્ય પણ હૃદયમાંથી આવવું જોઈએ. જે બીજાના હૃદયને સ્પર્શી શકે. વિકટર હ્યુગોએ કહ્યું છે : મને હોઠ અને હૃદયને ખોલી દે એવું હાસ્ય પ્રિય છે.તથા એ સમયે દાંત અને આત્માનું દર્શન કરાવે છે.માત્ર દાંત દેખાડવાની વાત નથી.પણ આત્માના પણ એમાં દર્શન થાય,એવા હાસ્યની વાત છે.હાસ્યન પણ એક આભા હોય છે.પ્રભાવ હોય છે.જે માણસ હૃદયના ઉંડાણથી હસે છે,એનો પડઘો સામેના હૃદયમાં પડતો હોય છે.કાર્લાઈલે કહ્યું છે : કોઈપણ માણસ જો દિલ ખોલીને હસ્યો હોય,બિલકુલ એવો દુરાચારી હોઈ શકે નહી જેનો પુન :સુધાર થઈ ન શકે.પ્રેમથી પશુ-પ્રાણી પણ વશ થાય છે.હાસ્યથી માણસનું હૃદય પરિવર્તન થઈ શકે છે.બીજાના મનમાં વળેલી જે ગાંઠો છે એ છુટી શકે છે.હાસ્યથી તો પુર્વગ્રહો મટી શકે છે.હાસ્ય તો ઉત્તમ ટોનિક છે.હાસ્યથી માણસ જગતમાં લોકપ્રિયતા પામી શકે છે.

સંત પેમનાએ કહ્યું છે : કોઈ કહે કે, જમીન મારી મિલ્કત છે, તો જમીન હસી પડે છે.કંજુસને જોઈને ધન હસી પડે છે.અને રણથી ડરવા વાળાને જોઈ કાળ અટ્ટહાસ્ય કરે છે. માણસને જેવો ભાવ એવી એમની ભાવના.હાસ્યકાર બીજાને હસાવતો હોય છે.પોતે ગંભીર રહેતો હોય છે.જો પોતે જ હસવા માંડે તો હાસ્યની મઝા મરી જાય છે.શિલરે કહ્યું છે : જ્યારે જોકર સ્વંય હસી પડે છે તો હાસ્યની મજા મરી જાય છે.આ તો જોકરની વાત થઈ, પણ સંસારમં જોકર જેવા ઘણા લોકો જોવા મળતા હોય છે.જે પોતે જ હાસ્યનું પાત્ર બનતા હોય છે.હાસ્ય તો નિરાશાની ગર્તામાં ડુબી ગયેલા માણસની આશાનું કિરણ છે.કોઈએ કહ્યું છે : સ્મિત થાકેલા માટે વિશ્રામ છે.હતોત્સાહ માટે દિવસનો પ્રકાશ છે.ઉદાસ માટે ધુપ અને સુખી માટે પ્રકૃતિનો સર્વોત્તમ પ્રતિકાર છે.આપણું એકાદ સ્મિત બીજાને જીંદગી જીવવાનો ટેકો પુરો પાડી શકે છે.શેક્સપિયરે તેથી તો કહ્યું છે કે, તમારે શું જોઈએ છે? જે કાંઈ પણ જોઈએ તે સ્મિતથી પ્રાપ્ત કરો.જોર જુલમથી નહી.કોઈપણ વસ્તુ આપણે જોર જુલમથી મેળવી શકીએ નહી.જોર જુલમથી મેળવેલ લાંબો સમય ટકતી નથી.પણ જે પ્રેમથી મળે છે. તે કાયમી હોય છે.કોઈ દુઃખીને આપણું એકાદ સ્મિત એના જીવનને અજવાળી શકતું હોય તો એનો આનંદ કેવો હોય ? કોઈને તમે કશું જ આપી શકો એમ ન હોવ તો એકાદ સ્મિત આપો. ચાર્લ્સ ડિકન્સ કહ્યું છે : જો આપણે જીવનપંથ પર પુષ્પો બીછાવી ન શકીએ તો ઓછામાં ઓછું સ્મિત પાથરી શકીએ છીએ.સ્મિતનો પ્રભાવ કેટલો મહાન છે. એ એમાંથી પ્રગટ થાય છે.આજના જે યંત્રો ચાલે છે.એમાંથી એકાદ ભાગ જો ખોરવાઈ જાય તો યંત્રની ગતિ બંધ થઈ જાય છે.આપણું શરીર પણ એક યંત્ર છે.હાસ્ય એ યંત્રનો ભાગ છે.તેના અભાવથી જીવનરુપી યંત્ર ખોટકાઈ જાય છે.આપણુ જીવનરુપી યંત્ર ખડકી ના પડે એ માટે તેમાં હાસ્યરુપી દિવેલ ઉંજતા રહેવું પડે છે.

માણસથી માણસને જોડવાનું કામ હાસ્ય કરે છે.કોઈ અપરિચિત હોય, એની સામે સ્મિત આપો.થોડા સમય પછી તમે એકબીજાની નજીક જશો.હાસ્ય તો જીવનનો બગીચો છે. એમાં આનંદરુપી ફુલો ખીલતા રહે અને આપણા જીવનને સુગંધમય બનાવતા રહે છે.મહાત્મા વોલ્ટને કહ્યું છે : હાસ્ય એક અદ્દ્ભુત ઔષધ છે.જે પૌષ્ટીક છે અને એથી બધા પ્રકારનું બળ મળે છે.આ દુઃખી સંસારમાં હાસ્ય સિવાય બીજુ મોટું અસરકારક ઔષધ ક્યું હોઈ શકે ?માણસ જ્યારે ખડખડાટ હસી પડે છે, ત્યારે એના ચહેરા ઉપર ગુલાબના પુષ્પો ઉગી નીકળે છે.જે ચહેરો ક્યારેય હસી ન શકે તે ક્યારેય ખીલી શકતો નથી.હાસ્ય તો અંતરમાંથી વહેતું ઝરણું છે.ગમે ત્યા જાઓ, જો હસતા રહેશો તો તમને ઘણા લોકો આવકારશે.તમને મળવા તત્પરતા દાખવશે.પણ જો દિવેલ પીધેલા જેવો ચહેરો લઈને ફરશો તો તમારી સામે જોનાર કોઈ જ નહી હોય.વિનોદવૃત્તિ જ જીવનનો રસ છે.એ રસમાં અન્યને પણ ભાગીદાર બનાવો તો એનો આનંદ બેવડાઈ જશે.થેકરે તો કહ્યું છે : હાસ્ય એક અદ્દ્ભુત પોષાક છે. જે દરેક જગ્યાએ પહેરી શકાય છે.હાસ્યને ભાષાની જરુર નથી.એ દરેક દેશ-કાળમાં હોઈ શકે છે.હાસ્ય કોઈ તલવારના જોરથી મેળવી શકાતું નથી. હસતા હસતા જે મેળવી શકાય છે એ કાયમી યાદ રહે છે. ધનદોલત હોય, પણ હસી શકતા ન હોય તો એનો શો અર્થ ? રેમંડ હિચકોકે કહ્યું છે : જે વ્યક્તિ મુક્ત રીતે હસી શકે છે તે ગરીબ નથી.વિશ્વમાં હાસ્ય જેવી બીજી કોઈ સમૃધ્ધિ હોઈ શકે જ નહી. હાસ્ય માણસને દિલથી દિલને જોડે છે. પાસે લાવે છે, એકાકાર બનાવે છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)



૨૦૧૯નો ઈંગ્લેન્ડ ખાતે રમાવાના ક્રિકેટ વિશ્વકપમાં ભાગ લેવા ઉપડેલી ભારતીય ટીમની એક તસવીર.

## જાણવા જેવું !

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઈચ પહોળા અને ૮ ઈંચ જાડાઈ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઈ પણ ઠેકાણે પડ્યો નથી.

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

વિશ્વના પ્રથમ મહીલા પ્રધાનમંત્રી બનવાનું ગૌરવા શ્રીલંકાના શ્રીમતી ભંડારનાયકને મળે છે.

ડોલ્ફીન સાઈઠ કી.મી. પ્રતી કલાકની ઝડપે તરી શકે છે.

મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઈંડા મુકે છે.

ઘોડાને ચાલીસ દાંત હોય છે અને ઘોડીને છત્રીસ દાંત હોય છે.

ચિલોત્રા નામના પક્ષીની ચાંચ,તીક્ષ્ણ હોવાથી તેનો ઉપયોગ નકશીકામ માટે કરવામાં આવે છે.

જીરાફની જીભ ૨૧ ઈચ લાબી હોય છે.

વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યું પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.

વિશ્વમાં જાઈન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઈ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઈ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨

ઈન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઈ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઈન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઈ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઈઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઈલાલભાઈ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૯૯૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.